અપીલ અરજી નં.૪૨૯ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રી પઠાણ ઐયુબખાન તસ્લીમખાન

સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબનીશ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પઠાણ ઐયુબખાન તસ્લીમખાનની તા.૧૩–૧–૧૦ ની અરજીથી (૧) કોર્પોરેટરશ્રી તેમને મળતી ગ્રાન્ટ વોર્ડ વિકાસના કયા કયા કાર્યોમાં વાપરી શકે છે તેની સંપૂર્ણ માહિતી આપવી. (૨) હાલમાં વોર્ડ નં.૨૧ ના કોર્પોરેટરશ્રી લાલખાન પઠાણે વર્ષ ૨૦૦૩ થી આજદિન સુધી તેમને મળેલ ગ્રાંટની રકમ વોર્ડ વિકાસના કયા કયા કાર્યોમાં અને કયા કયા વિસ્તારમાં ઉપયોગમાં લીધેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવી. (૩) કોર્પોરેટરશ્રી લાલખાન ગુ.પઠાણે વર્ષ ૨૦૦૩ થી આજદિન સુધી વોર્ડને લગતા પ્રશ્નો માટે સુરત મહાનગરપાલિકામાં કેટલી રજૂઆતો કરી છે તેની સંપુર્ણ નકલો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૯/૨૦૦૯–૧૦

શ્રી પઠાણ ઐયુબખાન તસ્લીમખાનની તા.૧૩–૧–૧૦ની અરજીથી (૧) કોર્પોરેટરશ્રી તેમને મળતી ગ્રાન્ટ વોર્ડ વિકાસના કયા કયા કાર્યોમાં વાપરી શકે છે તેની સંપૂર્ણ માહિતી આપવી. (૨) હાલમાં વોર્ડ નં.૨૧ ના કોર્પોરેટરશ્રી લાલખાન પઠાણે વર્ષ ૨૦૦૩ થી આજદિન સુધી તેમને મળેલ ગ્રાંટની રકમ વોર્ડ વિકાસના કયા કયા કાર્યોમાં અને કયા કયા વિસ્તારમાં ઉપયોગમાં લીધેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવી. (૩)કોર્પોરેટરશ્રી લાલખાન ગુ.પઠાણે વર્ષ ૨૦૦૩ થી આજદિન સુધી વોર્ડને લગતા પ્રશ્નો માટે સુરત મહાનગરપાલિકામાં કેટલી રજૂઆતો કરી છે તેની સંપુર્ણ નકલો આપવા બાબતે આપેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૮ તા. ૧૧–૩–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબનીશ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજી જો અન્ય જાહેર માહિતી અધિકારીને તેઓની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો તે જણાવવા સાથે મળેલ માહિતીની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મુખ્ય હિસાબનીશ અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એકા./એસઆર/૭૫૭૯ તા.૨૦–૩–૧૦ થી અત્રેના વિભાગને મ્યું. સભ્યશ્રીની ગ્રાન્ટ ફાળવણી બાબતના પત્રકની નકલ,સા.સ.ઠ. નં.૧૯૮ તા.૩૦–૯–૮૯ ની નકલ, સા.સ.ઠરાવ નં.૪૩૫/૯૯ તા.૩૧–૫–૯૯ ની નકલ, સા.સ.ઠ. નં.૧૪ ૨૦૦૫ તા.૨૮–૧–૦૫ ની નકલ, સા.સ.ઠ નં.૩/૯૬ તા.૨૯–૧–૯૬ ની નકલ, સ્થા.સ.ઠ. નં.૧૭૬૮/૨૦૦૫તા.૧૪–૧ ૦–૦૫ ના ઠરાવની નકલ, સ્થા.સ.ઠ. ૧૦૫૯/૯૮ તા.૨૫–૬–૯૮ ના ઠરાવની નકલ, સ્થા.સ.ઠ નં.૧૧/૨૦૦૧ તા.૪–૧ –૨૦૦૧ ના ઠરાવની નકલ, સ્થા.સ.ઠ નં.૭૯૬/૯૯ તા.૨૭–૫–૯૯ ના ઠરાવની નકલ, સ્થા.સ.ઠ નં.૧૦૨૮/૨૦૦૦ તા.૨૯–૬–૨૦૦૦ની નકલ, સ્થા.સ.ઠ નં.૧૬૧૪/૨૦૦૩ તા.૧–૧૧–૨૦૦૩ની નકલ, સ્થા.સ.ઠ નં.૪૨૯/૨૦૦૫ તા.૧ ૦–૩–૨૦૦૫ની નકલ, સ્થા.સ.ઠ નં.૫૧૬/૨૦૦૫ તા.૨૪–૩–૨૦૦૫ની નકલ, સ્થા.સ.ઠ નં.૮૩૫/૨૦૦૫ તા.૨૯–૯–૨૦૦૫ ની નકલ, સ્થા.સ.ઠ નં.૧૪૯૩/૨૦૦૫ તા.૨૨–૯–૨૦૦૫ ની નકલ તથા પત્રક–બ માં ગ્રાન્ટ ની રકમ વોર્ડ વિકાસમાં વપરાઈ તેના પત્રક પાના ૧ થી ૯ ની માહિતી અરજદારને પાઠવેલ એકા./એસઆર/૭૫૭૬ તા.૨૦–૩–૧૦ ના પત્રની નકલ, અત્રેના વિભાગને મળેલ છે. જયારે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નં .સા.ઈ.ઝોન/૪૫૫૧ તા.૨૬–૩–૧૦ થી અત્રેના વિભાગને અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૫૦ તા.૨૬–૩–૧૦ ના પત્રની નકલ, તથા તેને પોસ્ટ કર્યાના યુપીસી પુરાવાની નકલ, લાલખાનજી પઠાણ વિરોધપક્ષના નેતા એનસીપીની તા.૯–૯–૦૪ ની નોંધની નકલ, લાલખાનજી પઠાણ સ્થા.સ.સભ્યનો તા.૧૭–૬–૦૬ નો પત્રની નકલ, તા.૧૪–૬–૦૬ ના પત્રની નકલ, તા.૬–૩–૦૭ ના પત્રની નકલ,તા.૧૨–૧૦–૦૯ ના પત્રની નકલ, તા.૧–૬–૦૭ ના પત્રની નકલ, તા.૬–૧૦–૦૭ ના પત્રની નકલ, લાલખાનજી પઠાણ કોર્પોરેટર તા.૫–૨–૦૯ ના પત્રની નકલ, તા.૧૮–૧૧–૦૮ ના પત્રની નકલ, તા.૧૪–૯–૦૯ ના પત્રની નકલ, તા.૧–૧૦–૦૯ ના પત્રની નકલ, તા.૨૫–૮–૦૮ ના પત્રની નકલ, તા.૨૯–૯–૦૯ના પત્રની નકલ, તા.૨૬–૧૨–૦૯ ના પત્રની નકલ, તા.૨૫–૧૧–૦૯ ના પત્રની નકલ, તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ, તા.૪–૮–૦૯ ના પત્રની નકલ, તા.૧૨–૧ –૦૯ નો પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી આસી. સેક્ર ેટરીને નં.સા.સઈ.ઝોન/૩૬૭૬ તા.૧૮–૧–૧૦ થી તબદીલ કર્યા અંગેની નકલ, એકા. વિભાગ તરફથી નોડલ ઓફિસરને મોકલેલ પત્ર નં.એકા./એસઆર/૭૫૭૯ તા.૨૦–૩–૧૦ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગતો રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૧૩–૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માં ગણી કરવામાં આવેલ. જે બાબતે તા.૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૩ ની માહિતી મળેલ છે. મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબતે મુખ્ય હિસાબશીન અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ કોર્પોરેટરશ્રી તેમને ગ્રાન્ટ વોર્ડ વિકાસના કયા કાર્યોમાં વાપરી શકે તે અંગેની સંપૂર્ણ

માહિતી માંગવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્રક–અ માં મ્યું. સભ્યશ્રીની ગ્રાન્ટ ફાળવણી બાબતની વિગતો ઠરાવ સહિત અરજદારને પાના નં.૧ થી ૪૪ માં પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. ૨ હાલમાં વોર્ડ નં.૨૧ ના કોર્પોરેટરશ્રી લાલખાન પઠાણે વર્ષ ૨૦૦૩ થી આજદિન સુધી તેમને મળેલ ગ્રાન્ટની રકમ વોર્ડ વિકાસના કયા કયા કાર્યોમાં અને કયા કયા વિસ્તારમાં ઉપયોગમાં લીધેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્રક–બ માં પાના નં.૧ થી ૯માં પેમેન્ટ રીપોર્ટના સ્ટેટમેન્ટની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારને પત્ર નં.એકા./એસઆર/૭૫૭૬ તા.૨૦–૩–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૫૦ તા.૨૬–૩–૧૦ થી અરજદારને એ. સ્ટ્રીટ લાઈટ વિભાગ તરફથી મુદ્દા નં.૧ માં કોર્પોરેટર પાલિકાના વિસ્તારમાં સામેલ સોસા. ના રસ્તાઓ પર સ્ટ્રીટ લાઈટ સુવિધા પૂરી પાડવા માટે ગ્રાન્ટની રકમની ફાળવણી કરી શકે છે. મુદ્દા નં.૨ કોર્પોરેટર શ્રી લાલખાન ગુલાબખાન પઠાણે તેમને મળેલી ગ્રાન્ટની રકમમાંથી ૧. નવકેતન સોસા. ૨. શિવશકિત સોસા., ૩. પુષ્પાનગર વિ–૨. ૪. અમન કો.ઓ. હા.સો.વિ–૧ અને ૨. તેમજ વિ–૩, એમ.બી.નગર, સત્યસાંઈનાથ સોસા.માં આંતરિક રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવાનું કામમાં વપરાયેલ છે. (બી) વિભાગ ડ્રેનેજ તરફથી મુદ્દા નં.૧. કોર્પોરટર પાલિકા વિસ્તારમાં સામેલ સોસા. ના રસ્તાઓ પર ડ્રેનેજ લાઈટ સુવિધા પૂરી પાડવા માટે ગ્રાન્ટની રકમની ફાળવણી કરી શકે છે. મુદ્દા નં.૨ કોર્પોરેટર લાલખાન ગુલાબખાન પઠાણે તેમની મળેલી ગ્રાન્ટની રકમમાંથી ટીપી ૭ માં ૧. એલએનપાર્ક સોસા. , શિવશકિતનગર સોસા. શિવ ટાઉનશીપ, અમન કો.ઓ. હા.સો.વિ–૩, સત્યસાંઈનાથ સોસા.માં આંતરિક રસ્તા પર ડ્રેનેજ લાઈટ સુવિધા આપવાના કામમાં વપરાયેલ છે. (સી) રસ્તા વિભાગ. મુદ્દા નં.૧. કોર્પોરેટર પાલિકા વિસ્તારમાં સામેલ સોસા.ના રસ્તાઓ ઉપર રસ્તા વિભાગની સુવિધા પૂરી પાડવા માટે ગ્રાન્ટની રકમની ફાળવણી કરી શકે છે. મુદ્દા નં.૨ કોર્પોરેટરશ્રી લાલખાન ગુલાબખાન પઠાણે તેમને મળેલી ગ્રાન્ટની રકમમાંથી ૧. ઉષાનગર સોસા.,નસર વાનજી એસ્ટેટ ૩. અમનનગર–૩, સત્યસાંઈનગર, એમબીનગર, સાંઈનાથ નગર, પુષ્પાનગર વિ–૨, નવકેતન પાર્ક સોસા.ના આંતરિક રસ્તાનું કામમાં ઉપયોગમાં લીધેલ છે. જયારે મુદ્દા નં.૩ બાબતે રજૂઆત અંગેના ૧૯ પત્રોની નકલો જણાવેલ છે. આમ સમગ્ર હકીકત જોતાં અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૩–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબનીશ) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી પઠાણ ઐયુબખાન તસ્લીમખાન